# ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમ

પેજ નં.૧

— ધર્મપથ પર અધ્યાત્મની આંગળી પકડાવી આત્માને પરમાત્મા સુધી પહોંચાડી નિજાનંદ–પરમાનંદની પ્રાપ્તિ કરાવી આપતું વિશ્વનું એકમાત્ર પતિતપાવન તીર્થ

પેજ નં.૨,૩

– જૈન ધર્મના ઈતિહાસમાં અને સમગ્ર વિશ્વમાં સૌ પ્રથમવાર ગુજરાત રાજયમાં આવેલ પ્રમુખ જૈન તીર્થભૂમિ શંખેશ્વર તીર્થનાં મુખ્ય માર્ગ પર નિર્માણ પામી રહેલ ત્રેવીસમા તીર્થંકર ૐ શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાન સહિત આઠ તીર્થંકર ભગવાનનું શિખરબંધી જિનાલય

– ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમ મધ્યે સ્થિત શિખરબંધી મુખ્ય જિનાલયમાં બિરાજશે મોક્ષપ્રદાતા ૐકાર શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાન. જેમનાં દર્શન તથા પૂજા માત્રથી મનુષ્યનાં પાપ–તાપ નષ્ટ થઈ જાય એવાં આઠ તીર્થંકર ભગવાનની પ્રતિષ્ઠા ૐકાર શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાનની સાથે કરવામાં આવશે. પૂર્ણિમા તથા વદ દશમના દિવસે કરવામાં આવતા દર્શનનું ફળ સાધકને અનંતગણું પ્રાપ્ત થાય છે.

પેજ નં.૪,૫

– મુખ્ય શિખરબંધી જિનાલયમાં વિરાજીત મૂળનાયક ૐકાર શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાનની તેમજ આઠ તીર્થંકર ભગવાનની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવશે.

– વ્યંતર દેવ શ્રી મણિભદ્ર વીરની પ્રતિમાજીની પ્રતિષ્ઠા મૂળનાયક ભગવાનની સન્મુખ મુખ્ય જિનાલયમાં કરવામાં આવશે.

પેજ નં. ૬, ૭

– ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમનાં મુખ્ય પ્રવેશધ્વારની ડાબે તથા જમણે નિર્મિત થનાર બે કળશ દેરાસરો પૈકીનું પ્રથમ કળશ દેરાસર

– પ્રથમ કળશ દેરાસરમાં સ્થાપિત થશે મૂળનાયક શ્રી કુબેરદેવ તથા નવગ્રહો જેમનાં દર્શન કરનાર  સાધકોનાં તમામ કષ્ટો અને બાધાઓ દૂર થશે. દેરાસરમાં શ્રી નાકોડા ભૈરવ, શ્રી પાર્શ્વયક્ષ તથા દેરાસરની મધ્યે શ્રી સર્વતોભદ્ર ગૌતમલબ્ધિ લક્ષ્મીસૂરી ચક્રની પ્રતિષ્ઠા કરવામાં આવશે.

– **શ્રી કુબેરદેવ– શ્રી સૂર્યદેવ– શ્રી શનિદેવ– શ્રી રાહુદેવ– શ્રી ચંદ્રદેવ– શ્રી શુક્રદેવ– શ્રી કેતુદેવ– શ્રી મંગળદેવ– શ્રી ગુરૂદેવ – શ્રી બુધદેવ– શ્રી નાકોડા ભૈરવ– શ્રી પાર્શ્વયક્ષ – શ્રી સર્વતોભદ્ર ગૌતમલબ્ધિ લક્ષ્મીસૂરી ચક્ર**

**પેજ–૮,૯**

– દ્વિતિય કળશ દેરાસરમાં જગતજનની માં જગદંબા સહિત નવ દેવીઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે. દેવીના દિવ્ય દર્શન કરનાર દર્શનાર્થી મનોવાંછિત સુખ–સમૃધ્ધિ પ્રાપ્ત કરશે.

– **શ્રી પદ્માવતી દેવી– શ્રી અંબિકાદેવી– શ્રી મહાલક્ષ્મી દેવી– શ્રી સરસ્વતી દેવી–**
**શ્રી ચક્રેશ્વરી દેવી– શ્રી કુળદેવી–  શ્રી બોકડી દેવી – શ્રી જવાલામાલિની દેવી–**
**શ્રી સુવર્ણા દેવી**

**પેજ નં.૧૦**

– બે કળશ દેરાસરોની આસપાસ નિર્માણ પામનાર બે લઘુ મંદિરો પૈકીનાં પ્રથમ મંદિરમાં વિરાજીત થશે શ્રી ક્ષેત્રપાલ વીર.

– **શ્રી ક્ષેત્રપાલ વીર**–પ્રત્યેક જનસમુદાયનાં રક્ષક દેવ એવા શ્રી ક્ષેત્રપાલ વીરનાં આશીર્વાદ પામી વ્યકિત જીવનમાં સંપૂર્ણ સુરક્ષિત હોવાનો અનુભવ કરે છે. શ્રી ક્ષેત્રપાલ વીરનાં આ મંદિરમાં દર્શન કરી વીરને સુખડીનો પ્રસાદ ધરાવનાર ભક્ત સર્વ તકલીફોમાંથી મુકિત મેળવે છે.

પેજ નં.૧૧

– **જૈન આચાર્ય શ્રી વિજયમિત્રાનંદ સુરીશ્વરજી મહારાજ–** દ્વિતિય લઘુમંદિરમાં જૈન આચાર્ય શ્રી વિજયમિત્રાનંદ સુરીશ્વરજી મહારાજની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. ધર્મ, ભક્તિ અને જ્ઞાનનાં ત્રિવેણી સંગમ સમાન આચાર્યશ્રી જૈન ધર્મમાં આગવું અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ત્રિકાળ જ્ઞાની અને તમામ જૈન શાસ્ત્રોનાં જ્ઞાતા એવા આચાર્યશ્રીનાં શિષ્ય હોવાનું સૌભાગ્ય ૐઋષિ પૂજ્ય શ્રી પ્રિતેશભાઈને સાંપડયું છે.

પેજ નં.૧૫.

– જૈન ધર્મ, જૈન મંત્રશાસ્ત્ર તથા જૈન મુહુર્તશાસ્ત્રની સુક્ષ્મ ગાણિતીક ગણનાઓનાં આધારે સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ–વિધાન સહિત નિર્માણ પામનાર દૈવી શક્તિઓયુક્ત ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમની વિશિષ્ટતાઓ અલૌકિક અને અવર્ણનીય છે. ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક ૐઋષિ પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રિતેશભાઈની પ્રેરણાથી આકાર પામી રહેલ ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમની પુણ્યભૂમિ પર પગ મુકનાર દર્શનાર્થીને પરમાત્માનો સાક્ષાત્કાર પામવાનું એક સર્વોત્તમ માધ્યમ ઉપલબ્ધ થશે તેમજ ભૌતિક સુખ–સંપત્તિની સાથેસાથે આત્માથી પરમાત્મા સુધીની યાત્રા સરળ બની જશે.

– ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમમાં શાસ્ત્રજ્ઞો, જ્ઞાનીઓ અને પંડિતો ધ્વારા સાધકોને મળશે ધર્મ તેમજ અધ્યાત્મનું સચોટ માર્ગદર્શન અને દિશાસૂચન

– ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમમાં નવગ્રહોનાં તમામ પ્રકારનાં મંત્રજાપ, વિધિ–વિધાન તેમજ યજ્ઞ–યાગાધિ કરવામાં આવશે. દર્શનાર્થી સાધકનાં રાશિ ભવિષ્ય અને જન્મકુંડળીનાં આધારે સંબંધિત ગ્રહોની વિધિપૂર્વક પૂજા–અનુષ્ઠાન અહી **નિઃશુલ્કપણે** કરી આપવામાં આવશે. વિદ્વાન પંડિતો દ્વારા સંપન્ન થનાર શાસ્ત્રોક્ત પ્રક્રિયા સાધકને મનોવાંછિત ફળ આપવામાં નિઃશંકપણે સહાયભૂત નીવડશે.

– શાસ્ત્રોમાં વર્ણિત નવ દેવીઓનાં પૂજા–પાઠ, હોમ–હવન તેમજ અનુષ્ઠાન ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમમાં **નિઃશુલ્કપણે** કરી આપવામાં આવશે.

- ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમમાં એક અદભૂત ધ્યાનકેન્દ્ર સ્થાપિત થશે. ધ્યાનકેન્દ્રમાં બેસી સાધના કરનાર સાધક ત્વરિત ગતિથી ધ્યાનમાં એકાગ્રતા અને નિપુણતા મેળવી આત્મતત્વથી પરમાત્મતત્વ સુધીની આત્મિક યાત્રા પરિપૂર્ણ કરી શકશે.
- **શ્રી સર્વતોભદ્ર ગૌતમલબ્ધી સૂરીચક્ર–** મનુષ્યને આધિ, વ્યાધિ અને ઉપાધિ જેવાં ત્રિવિધ તાપોમાંથી પૂર્ણ મુક્તિ અપાવશે ૐકાર શ્રી પાર્શ્વનાથપુરમનાં પ્રથમ કળશ દેરાસરમાં પ્રતિષ્ઠા પામનાર શ્રી સર્વતોભદ્ર ગૌતમલબ્ધિ લક્ષ્મીસૂરી ચક્ર. ચોવીસમા જૈન તીર્થંકર ભગવાન શ્રી મહાવીરના પ્રથમ શિષ્ય શ્રી ગણધર ગૌતમસ્વામી ત્રિકાળદર્શી અને અનંત જ્ઞાનનાં સાગર છે. શ્રી ગણધર ગૌતમ સ્વામી રચિત શાસ્ત્રોનાં પરમ જ્ઞાનનાં માધ્યમથી, ચોવીસ તીર્થંકરોનાં જન્મતિથી– સમયનાં પ્રમાણે ગાણિતીક ગણનાઓ કરી, ગ્રહ–નક્ષત્રોનાં સૂક્ષ્માતિ સૂક્ષ્મ અવલોકનોને ધ્યાનમાં લઈ શ્રી સર્વતોભદ્ર ગૌતમલબ્ધી સૂરીચક્રની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે. જૈન ઓરાશાસ્ત્રની વિશેષ ગણતરીઓને લક્ષમાં લઈ પ્રતિષ્ઠા પામનાર આ ચક્રની પૂજા ઉપાસનાથી સાધકનાં જન્મોજન્મનાં સંચિત કર્મો દગ્ધબીજ થઈ તેને કર્મબંધનમાંથી મુક્તિ અપાવે છે.